PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૪૪૧-૧ તારીખ : ૨૦ - ૦૨ - ૨૦૨૪

રજી. એડી. પત્ર

પ્રતિ,

શ્રી રાણાભાઇ ડી. ગોજીયા

શ્રી યદુનંદન એજ્યુકેશન ટ્રસ્ટ C/o પાઠક સ્કુલ -પુરુષાર્થ કેમ્પસ, મોચીનગર-૬,

મુ. પો. : રાજકોટ, તા. : રાજકોટ , જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૭

મોબાઈલ : ૯૯૯૮૪૧૮૧૪૩

વિષય : જી.એલ.પી. કેટેગરીના કનેકશનમાં પુરવણી બીલ સામે વાંધા અરજી.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૭-૦૧-૨૦૨૪.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૪/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રદ્યુમનનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૪/ક્વા-૪/૨૩-૨૪/૭૭૧-૧ તા. ૨૦-૦૨-૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૪/ક્વા-૪/૨૩-૨૪, તા.૧૮-૦૧-૨૦૨૪

અરજદાર : શ્રી રાણાભાઇ ડી.ગોજીયા., ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી રાણાભાઇ ડી.ગોજીયા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨

રજૂઆત કરનાર : શ્રી એન.આર.કંડોલીયા, નાયબ ઈજનેર(ટેક), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨ અને શ્રી જે.યુ.ભટ્ટ નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી, પ્રદ્યુમનનગર રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રાણાભાઇ ડી. ગોજીયાની ફરિયાદ મુજબ પ્રદ્યુમનનગર પેટાવિભાગય કચેરી હેઠળ શ્રી યદુવંશી એજ્યુકેશન ટ્રસ્ટ (પુરુષાર્થ) ના નામનું ૧૦ કી.વો.નું GLP કેટેગરીનું વીજજોડાણ ગ્રાહક નં.૩૧૩૦૯/૦૬૪૭૯/૨ થી ધરાવે છે.

૨.૧ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નોટીસ નં-૭૮ તા.૦૮-૦૧-૨૦૨૪ થી રજીસ્ટર એડી. ટપાલ દ્વારા સદર ગ્રાહકને સદર વીજજોડાણની તપાસણી તા.૨૨-૧૧-૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ જે અન્વયે સ્લોનેશનું બીલ રૂ.૧૫૪૭૬૩=૩૫ નું આપવામાં આવેલ છે.

૨.૨ પીજીવીસીએલ દ્વારા દર વર્ષે મીટર ચેકિંગ કરવામાં આવે છે, તેમછતા તેઓની સંસ્થાને સ્લોનેશનું પુરવણીબીલ રૂ.૧૫૪૭૬૩=૩૫ નુ આપવામાં આવે છે. તેઓની સંસ્થા એક સમાજ કલ્યાણ સંચાલિત છે જે આર્થિક પછાત બાળકોને અભ્યાસ કરવામાં આવે છે તો આ સંસ્થા આર્થિક રીતે આ રકમ કોઈપણ

રીતે ભરી શકે તેમ નથી જેથી ૨૦૧૯ થી આપેલ પેન્ડીંગ બીલ ભરી શકીએ તેમ નથી તો આ બીલ યોગ્ય કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-.૩૮૩ તા.૨૫-૦૧-૨૦૨૪ નીચે મુજબ કરેલ છે.

૩.૧ શ્રી યદુવંશી એજ્યુકેશન ટ્રસ્ટ, ગ્રાહક નંબર:- ૩૧૩૦૯૦૬૪૭૯૨ થી ૧૦ કીવોનું **GLP** કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે. ચેકિંગ શીટ નં.:- **JND NO. 32039** તા.૨૨.૧૧.૨૦૨૩ માં દર્શાવ્યા પ્રમાણે **મીટરમાં Y ફેઈઝના વોલ્ટેજ ૦૦ આવતા હોય જે અનુસંધાને તા.૨૩.૧૧.૨૦૨૩ ચેકિંગશીટ નં.RCC-૧૦૬૭૩૯ પર્ફોમાં નં.૧૫ RCC 195515** તા.૨૩.૧૧.૨૦૨૩ **થી મીટર** બદલાવેલ છે.

૩.૨ સવાલવાળા મીટરની ચકાસણી લેબોરેટરીમાં શીટ નં.:-૪૬૯ તા.૨૮.૧૨.૨૦૨૩ થી ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં કરવામાં આવેલ છે અને તેમ પરીક્ષણમાં પણ **Y** ફેઇઝના વોલ્ટેજ ૦૦ છે તેવું જણાયેલ છે. અને મીટરનો **MRI** પણ લીધેલ છે. **MRI** માં તા.૦૧/૦૯/૨૦૧૯ **થી Y Ph.** ૦૦ આવેલ હોય ત્યારથી મીટર સ્લો ગણી ગ્રાહકને બીલ રૂ.૧૫૪૭૬૩=૩૫ આઉટ વર્ડ નં.૭૮ તા. ૦૮.૦૧.૨૦૨૪ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ છે. અરજદારને બીલ ઇસ્યુ કરતાં સમયે ભૂલથી કલમ ૧૨૬ હેઠળના કામચલાઉ આકારણીનું ફોરવર્ડીંગ થયેલ છે. ખરેખર હકીકતે મીટર સ્લો હોય તે મુજબનું બીલ ગ્રાહકને આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૨ ફરિયાદી ગ્રાહકને ઉપરોક્ત આપેલ બીલ મંજુર ન હોય ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં રજૂઆત કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારશ્રી યદુવંશી એજ્યુકેશન ટ્રસ્ટ, ગ્રાહક નંબર:- ૩૧૩૦૯૦૬૪૭૯૨ થી ૧૦ કીવોનું **GLP** કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારને પીજીવીસીએલ દ્વારા સ્લોનેશનું વીજબીલ રૂ.૧૫૪૭૬૩=૩૫ પત્ર નં -૭૮ તા.૦૮-૦૧-૨૦૨૪ થી આપેલ છે, જે વર્ષ-૨૦૧૯ થી આપેલ છે, તે મુજબ બીલની રકમ ખુબજ વધુ હોવાથી આર્થિક રીતે સંસ્થા ભરપાઈ કરી શકે તેમ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત પત્ર નં -૩૮૩ તા.૨૫-૦૧-૨૦૨૪ મુજબ તા.૨૨-૧૧-૨૦૨૩ ના રોજ વીજ સ્થાપનની ચકાસણી ચેકિંગ શીટ નં – **JND No.32039** મુજબ ગ્રાહક પ્રતીનિધિની હાજરીમાં કરવામાં આવેલ છે, તે મુજબ **SMC** બોકસ પર કોઈ સીલ જોવા મળેલ નથી, તેમજ ટર્મિનલ બ્લોક પર પ્લાસ્ટિક સીલ લગાડેલ છે, તેમજ આ સીલના ટોપ કેપ તૂટેલ જોવા મળેલ છે. સદર વીજ મીટરના વોલ્ટેજ પેરામીટર તપાસતા **R-244V, Y-000V, B-241V** નોંધાયેલ છે, જ્યારે કલીપઓન દ્વારા વોલ્ટેજ ચકાસતા **R-245V, Y-248V, B-249V** નોંધાયેલ છે, જેથી સદર મીટરનું પરીક્ષણ માટે લેબોરેટરીમાં એમ.આર.આઈ. લઇ મીટર બદલાવી આગળની કાર્યવાહી કરવી.

૪.૪ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૩-૧૧-૨૦૨૩ ના રોજ ચેકિંગ શીટ નં ૧૦૬૭૩૯ થી ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં સદર મીટર એમ.એમ.બી. સહીત પેપર પેક કરી બદલાવેલ, જેનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૩૦-૧૧-૨૩, તા.૦૭-૧૨-૨૩, તા.૧૪-૧૨-૨૩ ને તા.૨૧-૧૨-૨૩ ના રોજ તપાસણી માટે ગ્રાહકને હાજર રહેવા જાણ કરેલ છે.

અરજદારને તેઓના સદર મીટરની ચકાસણી કરાવા માટે અપાયેલ ૦૩ મુદ્દત દરમ્યાન તેઓ હાજર રહેલ ન હોવાથી સબંધક પેટાવિભાગીય કચેરી દ્વારા વધુ એક તક આપવા પત્ર નં – ૪૭૧૦ તા.૨૭-૧૨-૨૦૨૩ થી મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ચેકિંગ મુજબમાં તા.૨૮-૧૨-૨૦૨૩ ના રોજ હાજર રહેવા જાણ કરેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૮-૧૨-૨૩ ના રોજ અરજદાર ગ્રાહકની હાજરીમાં મીટરની ચકાસણી કરેલ, લેબરીપોર્ટ નં -૪૬૯ મુજબ **SMC** બોકસ પર કોઈ સીલ જોવા મળેલ નથી, મીટર લેબમાં ટેસ્ટ કરતા **Y-Phase voltage 00** નોંધાયેલ છે, એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે. મીટરલેબમાં ટેસ્ટ કરતા મીટરમાં -૩૩.૭૮% ઓછો વપરાશ નોંધાતો જોવા મળેલ છે. એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરી આગળની કાર્યવાહી કરવાની નોંધ થયેલ છે.

૪.૬ સદર મીટરના એમ.આર.આઈ. રીપોર્ટના ટેમ્પર્ડ ડેટા નો અભ્યાસ કરતા નીચે મુજબ ઘટના **(Evenets)** નોંધાયેલ છે.

| Event type | Occurred | | Restored | |
|---|---|---|---|---|
| | Date | Time | Date | Time |
| Y- Phase Missing | 01-09-19 | 20:54 | Not Restored | |
| Low Voltage | 28-09-19 | 11:25 | Not Restored | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજળી અધીનીયમન ૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળનું કામ ચલાઉ આકારણી બીલ ફરિયાદી અરજદારને રૂ.૧,૫૪,૭૬૩=૩૫ વિગતવાર ગણતરીપત્રક સાથે લેખિત પત્ર નં -૦૮-૦૧-૨૦૨૪ થી પાઠવેલ છે, તે મુજબ સ્લોનેશ ૩૩.૭૮% ના યુનિટ ગણતરીકરી ને એમ.આર.આઈ. અહેવાલ મુજબ માહે સપ્ટેમ્બર-૨૦૨૩ થી માહે નવેમ્બર-૨૦૨૩ સુધીના યુનિટ્સ (૪૧૨૪૮+૨૧૦૪૧ = ૫૨૨૮૯) મુજબ રીવાઈઝ બાકી રહેતી ભરવાપાત્ર રકમ રૂ.૧,૫૪,૭૬૩=૩૫ સદર નોટીસ મળ્યેથી ૦૭ દિવસમાં ભરપાઈ કરવા જણાવેલ.

ઉપરોક્ત ૧૨૬ ની કલમ હેઠળના બીલ અન્વયે પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ અહેવાલ પત્ર નં -૩૮૩ તા.૨૫-૦૧-૨૦૨૪ માં કરાયેલ નોંધ "ઉપરોક્ત બીલ ઇસ્યુ કરતાં સમયે ભૂલથી કલમ ૧૨૬ હેઠળનું કામચલાઉ આકારણીનું ફોરવર્ડીંગ થયેલ છે. ખરેખર હકીકતે મીટર સ્લો હોય તે મુજબનું બીલ ગ્રાહકને આપેલ છે."

૪.૭ વધુમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૨-૧૧-૨૦૨૩ ના રોજ વીજ સ્થાપનની ચકાસણી ચેકિંગ શીટ નં – **JND No.32039** મુજબ **MMB** ઉપર સીલ જોવા મળેલ નથી. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકારના મીટર રીડર દ્વારા દર માસે સ્થળ પર મીટર રીડીંગ કરવા માટે જાય છે. તેમ છતાં મીટર રીડર દ્વારા **MMB** ઉપર સીલ નથી તેનો કોઈ રીપોર્ટ કરેલ હોય તે અંગે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા આધાર-પુરાવા રજુ કરેલ નથી, જે સ્પષ્ટ ગંભીર બેદરકારી જણાય છે, જેથી જવાબદાર કર્મચારી / અધિકારી સામે કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવા સૂચિત કરવામાં આવે છે.

૪.૮ As per Clause 8.1 of GERC (Standard of Performance of Distribution Licensee) Regulation 2005."The Licensee shall regularly inspect, check and test the meters. However, the periodicity of such inspection shall not be less than that as may be provided by the Central Electricity Authority in their Regulations on Installation & Operation of the meters."

પીજીવીસીએલ કક્ષાએથી સદર વીજજોડાણનું સમયાંતરે **Central Electricity Authority** ની મીટરની તપાસણી અંગેની ગાઈડલાઈન નીચે મુજબ નોંધાયેલ છે.

**CENTRAL ELECTRICITY AUTHORITY NOTIFICATION** Central Electricity Authority (Installation and Operation of Meters) (Amendment) Regulations, 2019 ના ક્લોઝ નં 14 (ii) નીચે મુજબ છે.

"(2) Consumer Meters: The testing of Consumer Meters shall be done at site through accredited test laboratory at least once in five years and recalibrated, if required:

Provided that the licensee instead of testing the meter at site can remove the meter and replace the same by a meter duly tested in an accredited test laboratory:

Provided further that meter shall be tested if the consumption pattern changes drastically from the similar months or seasons of the previous years or if there is consumer's complaint pertaining to a meter: Provided also that the meter used for testing shall be of better accuracy class than the meter under test."

(3) Energy Accounting and Audit Meters: Energy Accounting and Audit Meters shall be tested at site through accredited test laboratory at least once in five years or whenever the accuracy is suspected or whenever the readings are inconsistent with the readings of other meters, e.g., Check Meters, Standby Meters and defective meters shall be recalibrated, if required.

Provided that the testing shall be carried out without removing the Instrument Transformers connection."

૪.૯ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૨૬, ૬.૨૯, ૬.૩૧ અને ૬.33 નીચે મુજબ છે.

"6.26 It shall be the licensee's responsibility to satisfy itself regarding the accuracy of the meter before it is installed and the licensee may test them for this purpose. The licensee shall conduct periodical inspection/testing and calibration of the meters as specified by the Central Electricity Authority (Installation & Operation of Meters) Regulations, 2006 and all subsequent amendments.

The licensee shall give the accuracy report of the meter by the laboratory to the consumer and also give periodical inspection and testing and calibration report of the meter to the consumer.

6.29 A consumer may request the licensee to test the meter on his premises if he doubts its accuracy, by applying to the licensee, along with the requisite testing fee. On receipt of such request, the licensee shall follow the procedure as detailed in clauses 6.31 – 6.33 of this Code

6.31 The licensee shall inspect and check the correctness of the meter within time period specified in CER (Standard of Performance of Distribution Licensee) Regulations, 2005. As amended from time to time.

6.32 The consumer/ authorized representative present during testing will sign the test report as a token of witness. In case the consumer / authorized representative is not present, the licensee's representative and the testing laboratory official shall sign on the test report.

6.33 The licensee shall dispatch the test report to the consumer, to be received under acknowledgment, within 02 working days of the date of testing. In case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill."

૪.૧૦ સદર કેઈસમાં વિગતવાર અભ્યાસ કરતા ઉપરોક્ત મુદ્દા નં ૪.3 અને ૪.૪ મુજબ અરજદારને અપાયેલ માહે સપ્ટેમ્બર-૨૦૨૩ થી માહે નવેમ્બર-૨૦૨૩ સુધીના યુનિટ્સ (૪૧૨૪૮+૨૧૦૪૧ = ૫૨૨૮૯) મુજબ રીવાઈઝ બાકી રહેતી ભરવાપાત્ર રકમ રૂ.૧,૫૪,૭૬૩=૩૫ સ્લોનેશનું પુરવણીબીલ પી.જી.વી.સી.એલ. દ્વારા તા. ૦૮-૦૧-૨૦૨૪ ના રોજ અરજદારને રજીસ્ટર એડી પત્ર દ્વારા મોકલાવવામાં આવેલ છે જે રદ કરીને નવું પુરવણીબિલ અપાયેલ છે, સદર વિવાદિત સમયગાળા દરમ્યાન વીજજોડાણની તપાસણી થયેલ હોય તે અંગેના રેકર્ડ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારને અપાયેલ સદર પુરવણીબીલ રદ કરીને સપ્લાય કોડ ના ક્લોઝ નં -૬.૩૩ મુજબ ખામીપૂર્ણ મીટરના કેસમાં, અધિકતમ છ મહિનાની મુદત અથવા છેલ્લા પરીક્ષણની તારીખથી મુદત બેમાંથી જે ઓછું હોય તે પ્રમાણેનો સુધારો પરીક્ષણ અહેવાલોના આધારે પછીના બિલમાં સરભર કરાશે, તે મુજબ અરજદારને

વિગતવાર ગણતરીપત્રક સાથે દિવસ-૧૦ માં રીવાઈઝ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૧૧ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ અને ૪.૧૦ મુજબ હુકમ કરવામાં આવે છે, તેમજ સદર બાબતે થયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ-૩૦ માં આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં –૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot